# ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) હેઠળનો હુકમ

નં.પીઓએલ/વશી/૪૫૬/૨૦૨૫
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, મહેસાણા.

કાર્યપાલક ઈજનેરશ્રી, રાજય માર્ગ યોજના વિભાગ, મહેસાણાના પત્ર નં.જા.પ્ર./SRPDN/SO-1/૩૫૮/સને ૨૦૨૫, તા.૧૨/૦૭/૨૦૨૫ થી મહેસાણા-વિજાપુર-હિંમતનગર રોડ (એસ.એચ.-૫૫) પર ગામ-દેરોલ તા.હિંમતનગર જી.સાબરકાંઠા પાસે કિ.મી.૧૪૬/૭૦૦ પર આવેલ સાબરમતી નદી ઉપરનો હયાત મેજર બ્રિજ સને-૧૯૬૬ માં બનાવવામાં આવેલ છે. સદર મેજર બ્રીજની પહોળાઈ ૭.૦ મીટર છે તથા સદર બ્રીજ રાહદારીઓ માટે હાલમાં કાર્યરત છે. જેને આશરે ૫૯ વર્ષ થયેલ છે. જેને ધ્યાને રાખતાં બ્રિજ ઘણો જ જુનો છે તથા બ્રિજની હાલની સ્થિતિ જોતાં આગામી સમયમાં કોઇ અનિચ્છનિય બનાવ ન બને તે હેતુથી તકેદારીના ભાગ રૂપે ભારે વાહનો ચાલુ રાખવા હિતાવહ ન હોઇ, ભારે વાહનોને પ્રતિબંધ કરવા તથા વૈકલ્પીક રસ્તા પર ડાયવર્ઝન આપવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. પોલીસ અધિક્ષકશ્રી મહેસાણાના પત્ર નં.લઇબ/૪૧૪/અભિપ્રાય/૪૦૩૧/૨૦૨૫ તા.૧૨/૦૭/૨૦૨૫ થી સદર જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે.

| ક્રમ | હાલનો રૂટ | વાહનનો પ્રકાર | વૈકલ્પિક રૂટ |
|---|---|---|---|
| ૧ | વિજાપુર-દેરોલ-હિંમતનગર (SH-55) | ભારે વાહનો માટે | વિજાપુર-મહુડી ચોકડી-અનોડિયા-પ્રાંતિજ-હિંમતનગર આવવા-જવા માટે |

આમ, ઉકત વિગતે કાર્યપાલક ઈજનેરશ્રી, રાજય માર્ગ યોજના વિભાગ, મહેસાણાની દરખાસ્ત મને ઉચિત જણાય છે.

વાસ્તે હું જશવંત કે. જેગોડા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા સદરહુ બાબતે કાયદો અને વ્યવસ્થા તથા સુખાકારી સગવડો સારૂ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ મહેસાણા-વિજાપુર-હિંમતનગર રોડ (એસ.એચ.-૫૫) પર ગામ-દેરોલ તા.હિંમતનગર જી.સાબરકાંઠા પાસે કિ.મી.૧૪૬/૭૦૦ પર આવેલ સાબરમતી નદી ઉપરનો હયાત મેજર બ્રિજની **કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી**, લોકોના જાનમાલને નુકશાન ન થાય તથા કામગીરીમાં અડચણો ન આવે તે સારૂ નીચેના રૂટ મુજબ **ભારે વાહનોને** ડાયવર્ટ કરવા હુકમ ફરમાવું છું.

(૧) **વિજાપુર-દેરોલ-હિંમતનગર આવવા-જવા માટે** વાયા વિજાપુર-મહુડી ચોકડી-અનોડિયા-પ્રાંતિજ-હિંમતનગર રોડ

## -:: શિક્ષા ::-

આ પ્રતિબંધિત હુકમના કોઈ પણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે મહેસાણા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ ગુનો દાખલ કરવા માટે અધિકૃત કરૂ છું.

હું એવો પણ આદેશ કરૂ છું કે, આ હુકમની વ્યકિતગત બજવણી શકય ન હોય નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી/વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને અને લાઉડ સ્પીકર દ્વારા/સ્થાનિક વર્તમાનપત્રો, કેબલ નેટવર્ક, સિનેમા, રેડિયો દ્વારા તેની જાહેરાત કરવી.

હુકમના સમયગાળા દરમ્યાન ટ્રાફિકના નિયમન માટે આઇ.આર.સી.ની ગાઇડલાઇન મુજબ ડાયવર્ઝન બનાવવા તથા તેની નિભાવણી કરવાની જવાબદારી કાર્યપાલક ઈજનેરશ્રી, રાજય માર્ગ યોજના વિભાગ, મહેસાણાની રહેશે.

આજ તા.૧૨/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડવામાં આવ્યો.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ મહેસાણા

**(જશવંત કે. જેગોડા)**
**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ**
**મહેસાણા**

**પ્રતિ,**

**કાર્યપાલક ઈજનેરશ્રી, રાજય માર્ગ યોજના વિભાગ, મહેસાણા, ભોંયતળીયે, બ્લોક-૦૪, બહુમાળી ભવન, મહેસાણા.**

૨/- જાણ અને જાહેરનામાનો બહોળો પ્રચાર-પ્રસાર/પ્રસિધ્ધિ કરવા તેમજ તે અંગેનો પ્રસિધ્ધિ રીપોર્ટ રેકર્ડે રાખવા તથા જરૂરી નિયમોનુસારની રોડ સેફટી વ્યવસ્થા અંગે અમલવારી સારૂ.

**<u>નકલ સવિનય રવાના :-</u>**

(૧) ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, સરદાર ભવન, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.
(૨) પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણા તરફ બહોળી પ્રસિધ્ધિ અર્થે તથા હુકમ અન્વયે ટ્રાફિક પોઈન્ટની વ્યવસ્થા કરવા સારૂં.
(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મહેસાણા તરફ જાણ -વ- અમલવારી સારૂ.
(૪) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, વિસનગર તરફ જાણ -વ- અમલવારી સારૂ
(૫) વિભાગીય પોલીસ અધિક્ષકશ્રી, વિસનગર તરફ જાણ -વ- અમલવારી સારૂ
(૬) વ્યવસ્થાપકશ્રી, સરકારી પ્રેસ, વડોદરા તરફ, એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટમાં વિના મુલ્યે પ્રસિધ્ધ કરવા સારૂં.
(૭) નાયબ માહિતી નિયામકશ્રી, મહેસાણા તરફ હુકમની સ્થાનિક વર્તમાન પત્રોમાં તાકીદે વિના મુલ્યે આઈટમ ઓફ ન્યુઝ તરીકે પ્રદર્શિત કરવા સારૂ.
(૮) વિભાગીય નિયામકશ્રી, એસ.ટી.ડેપો, મહેસાણા તરફ જાણ -વ- અમલ સારુ.
(૯) મામલતદારશ્રી, વિજાપુર તરફ બહોળી પ્રસિધ્ધિ અર્થે જાણ -વ- અમલવારી સારૂ
(૧૦) તાલુકા વિકાસ અધિકારીશ્રી, વિજાપુર તરફ બહોળી પ્રસિધ્ધિ અર્થે જાણ -વ- અમલવારી સારૂ
(૧૧) ડિસ્ટ્રીકટ ઈન્ફોર્મેટીક ઓફિસરશ્રી, N.I.C. મહેસાણા તરફ જાણ -વ- વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારૂ.
(૧૨) સિલેકટ ફાઈલે.